## નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પાંચમા/છઠ્ઠા પગાર પંચ દ્વારા નક્કી કરેલ ગાઈડ લાઈન મુજબની લાયકાત ધરાવતા હોય તેવા શિક્ષક સંવર્ગના કર્મચારીઓ પાસેથી અરજીઓ મંગાવવા બાબત.

**◈ પરિપત્ર ◈**

નવસારી કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, કોલેજો/પોલીટેકનીકના ડીનશ્રી/આચાર્યશ્રીઓ તથા યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે તેમના તાબા હેઠળ શિક્ષક સંવર્ગમાં ફરજ બજાવતા કર્મચારીઓ કે જેઓ પાંચમા/છઠ્ઠા પગાર પંચ મુજબ કેરીઅર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત આઈ.સી.એ.આર./યુ.જી.સી.એ નક્કી કરેલ માર્ગદર્શક સિધ્ધાંતો મુજબની લાયકાત ધરાવતા હોય તેમની પાસેથી નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિયત કરેલ અરજી પત્રકોમાં અરજીઓ મંગાવવામાં આવે છે.

(૧) **પાંચમા પગાર પંચ** મુજબ કેરીઅર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત લાયકાત ધરાવતા શિક્ષકો **તા.૩૧.૧૨.૨૦૦૮ની** (કટ ઓફ) તારીખ સુધીમાં જે તે કેટેગરીમાં લાયકાત પરિપૂર્ણ કરેલ હોય તેવાજ શિક્ષકોએ અરજી કરવાની રહેશે.

(૨) **છઠ્ઠા પગાર પંચ** દ્વારા નક્કી કરેલ ગાઈડ લાઈન મુજબ કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો અમલ તા. ૧.૧.૨૦૦૯થી કરવાનો રહેશે. જયારે એ.પી.આઈ.સ્કોરનો અમલ યુ.જી.સી.ના જાહેરનામા નં એફ૩.૧/૨૦૦૯ તા.૩૦.૬.૨૦૧૦ તથા (No. F.1-2/2009(EC/PS V(i) vol-II ) તા. ૧૩.૬.૨૦૧૩ની જોગવાઈ મુજબ કૃષિ મંત્રાલયના કૃષિ, સંશોધન અને શિક્ષણ વિભાગ ભારત સરકારના પત્રક્રમાંક No. F.1-2/2009 per-IV તા. ૨૨.૭.૨૦૧૩ના આધિન કરવાનો રહેશે.

(૩) કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો અમલીકરણમાં વિલંબ થયેલ હોવાથી **છઠ્ઠા પગાર પંચ અંતર્ગત તા.૩૧.૧૨..૨૦૦૮ થી તા. ૩૦.૬.૨૦૧૦** વચ્ચે કોઈ શિક્ષક બઢતી માટે પાત્ર થાય તો તેનુ મુલ્યાંકન પાંચમાં પગાર પંચ મુજબના માપદંડ પ્રમાણે કરવાનું રહેતુ હોઈ તેવા શિ ક્ષકોએ પાંચમાં પગાર પંચ અન્વયે કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનું નિયત કરેલ ફોર્મ ભરવાનું રહેશે. **(તેઓએ એ.પી.આઈ. પરિપૂર્ણ કરવાનો રહેશે નહી.)**

(૪) નામ.સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૭.૯.૨૦૧૬ના પત્રમાં જણાવ્યા મુજબ કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતી માટે પાત્રતા ધરાવતા શિક્ષકોએ જે તે **સ્ટેજ-૧ થી સ્ટેજ -૫** માટે નિયત કરેલ તાલીમ કાર્યક્રમો મુજબ તાલીમો પૂર્ણ કરેલ હશે તેને બઢતી માટે પાત્ર ઠરાવવામાં આવશે.

(૫) **તા.૩૦.૪.૨૦૧૭** સુધીમાં જે તે કેટેગરીમાં લાયકાત પરિપૂર્ણ કરેલ હોય તેવા જ શિક્ષકોએ અરજી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત બઢતી માટે પાત્રતા ધરાવતા શિક્ષકોએ જે તે કેટેગરીની બઢતી માટેની અરજી આ સાથેના અરજી પત્રકના નમૂનામાં સામેલ સૂચનાઓને ધ્યાનમાં રાખીને **તા.૬.૫.૨૦૧૭** સુધીમાં તમામ આધાર સહિત મોકલી આપવાની રહેશે.

આ પરિપત્રની અન્ય વિગતો તથા ફોર્મની સોફ્ટ કોપી યુનિવર્સિટીની વેબસાઈટ **www.nau.in** ઉપર મૂકવામાં આવેલ છે.

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/**૩૨૮૬-૩૩૩૪**/ ૨૦૧૭
નવસારી તા.૨૩/૩/૨૦૧૭

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

(૧) તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ
(૨) તમામ કોલેજો/પોલીટેકનીકના ડીનશ્રી/આચાર્યશ્રીઓ
(૩) યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

૨/-તરફ જાણ તથા આપશ્રીના તાબા હેઠળના તમામ શિક્ષકોને જાણ કરવા સારુ..